# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 17-07-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર **યશવી મહેતા** વાંચે છે.

******************************************************

1. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ "સ્વચ્છ સર્વેક્ષણ પુરસ્કાર" એનાયત કર્યાં – સ્વચ્છ શહેરોની શ્રેણીમાં ગુજરાતનું અમદાવાદ શહેર પહેલા ક્રમાંકે.
2. બિહાર સરકારે પહેલી ઓગસ્ટથી રાજ્યમાં ગ્રાહકોને 125 યુનિટ સુધીની નિઃશુલ્ક વીજળી આપવાની જાહેરાત કરી
3. ઇરાકના અલ-કુટ શહેરના એક બજારમાં લાગેલી આગમાં 50 લોકોના મોત
4. કાશ્મીર અને જમ્મુના મોટાભાગના વિસ્તારોમાં ખરાબ વાતાવરણને કારણે શ્રી અમરનાથજી યાત્રા અસ્થાયી રૂપે સ્થગિત.
5. જાપાન ઑપન બૅડમિન્ટનની મહિલા સિંગલ્સમાં ભારતનાં અનુપમા ઉપાધ્યાય ચીનનાં ખેલાડી સામે રમશે.

.............................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# SWACHH AWARD

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ આજે નવી દિલ્હીમાં સ્વચ્છતા ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનારા રાજ્યો અને શહેરોને "સ્વચ્છ સર્વેક્ષણ પુરસ્કાર" એનાયત કર્યાં. સ્વચ્છ સર્વેક્ષણ 2024ની યાદી જાહેર થતાં સ્વચ્છ શહેરોની શ્રેણીમાં ગુજરાતનું અમદાવાદ સર્વોચ્ચ સ્થાને રહ્યું છે. જ્યારે સુરત શહેર સુપર સ્વચ્છ લીગમાં દેશભરમાં બીજા ક્રમે અને મધ્યપ્રદેશનું ઈન્દોર શહેર પહેલા ક્રમાંકે રહ્યું છે. રાષ્ટ્રપતિ મુર્મૂએ ગુજરાતના શહેરોના તમામ પુરસ્કાર રાજ્યના કેબિનેટ મંત્રી ઋષિકેશ પટેલ જે-તે શહેરના મેયર અને અધિકારીને સુપરત કર્યાં.

આ પ્રસંગે સંબોધન કરતાં સુશ્રી મુર્મૂએ કહ્યું, સ્વચ્છતા એ દેશની સાંસ્કૃતિક ચેતનાનો પાયો છે. દરમિયાન તેમણે સ્વચ્છ ભારત અભિયાન હેઠળ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના પ્રયાસોની પ્રશંસા કરતા સ્વચ્છ સર્વેક્ષણ એક સફળ પહેલ સાબિત થઈ હોવાનું જણાવ્યું.

**(BYTE:- PREZ MURMU)**

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# REV. BIHAR FREE ELECTRICITY

બિહાર સરકારે આજે પહેલી ઑગસ્ટથી રાજ્યમાં ગ્રાહકોને 125 યુનિટ સુધીની વીજળી નિઃશુલ્ક આપવાની જાહેરાત કરી છે. રાજ્યના મુખ્યમંત્રી નીતીશકુમારે આ નિર્ણયની જાહેરાત કરતાં કહ્યું કે તેનાથી રાજ્યના એક કરોડ 67 લાખ પરિવારોને લાભ થશે. તેમણે ઉમેર્યું હતું કે, આગામી ત્રણ વર્ષમાં આ સ્થાનિક ગ્રાહકોની સંમતિથી તેમની છત પર અને નજીકના જાહેર સ્થળોએ સૌર ઊર્જા પ્લાન્ટ સ્થાપિત કરવામાં આવશે.

શ્રી કુમારે કહ્યું, બિહાર સરકાર ચાલી રહેલી કુટીર જ્યોતિ યોજના હેઠળ અત્યંત ગરીબ પરિવારો માટે સૌર ઉર્જા પ્લાન્ટ સ્થાપિત કરવાનો સંપૂર્ણ ખર્ચ ઉઠાવશે. બાકીના ગ્રાહકો માટે રાજ્ય સરકાર સૌર ઉર્જા પ્લાન્ટ સ્થાપવા માટે નાણાકીય સહાય પૂરી પાડશે. આગામી ત્રણ વર્ષમાં બિહારમાં પણ 10 હજાર મેગાવોટ સુધીની સૌર ઊર્જા ઉપલબ્ધ થશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# PM BIHAR- WB VISIT

પ્રધાનમંત્રી આવતીકાલે બિહાર અને પશ્ચિમ બંગાળની મુલાકાત લેશે. પ્રધાનમંત્રી બિહારના મોતીહારી ખાતે સાત હજાર 200 કરોડ રૂપિયાથી વધુની અનેક વિકાસ પરિયોજનાનો શિલાન્યાસ, ઉદ્ઘાટન કરી રાષ્ટ્રને સમર્પિત કરશે.

પ્રધાનમંત્રી દરભંગા ખાતે નવા સોફ્ટવેર ટેકનોલોજી પાર્ક ઓફ ઈન્ડિયા અને પટના ખાતેની અત્યાધુનિક ઇન્ક્યુબેશન સુવિધાનું ઉદ્ઘાટન કરશે. બિહારમાં કનેક્ટિવિટીને વેગ આપતા પ્રધાનમંત્રી ચાર નવી અમૃત ભારત ટ્રેનોને લીલી ઝંડી આપશે.

પ્રધાનમંત્રી પશ્ચિમ બંગાળના દુર્ગાપુર ખાતે પાંચ હજાર કરોડ રૂપિયાથી વધુના અનેક વિકાસ પરિયોજનાનો શિલાન્યાસ, ઉદ્ઘાટન કરી રાષ્ટ્રને સમર્પિત કરશે. આ પરિયોજના તેલ અને ગેસ, વીજળી, માર્ગ અને રેલ જેવા વિવિધ ક્ષેત્રોને આવરી લેશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# AMARNATH YATRA

કાશ્મીર અને જમ્મુના મોટા ભાગના વિસ્તારોમાં ખરાબ વાતાવરણને કારણે અમરનાથ યાત્રા હંગામી ધોરણે સ્થગિત કરાઇ છે. સરકારી સૂત્રોએ પુષ્ટિ કરી કે, અધિકારીઓએ બાલતાલ અને પહલગામ માર્ગો પર ભારે વરસાદના કારણે આજે યાત્રા રોકવાનો નિર્ણય કર્યો છે.

ભગવતી નગર જમ્મુ આધાર શિબિરના એક અધિકારીએ કહ્યું, આજે જમ્મુ આધાર શિબિરથી કાશ્મીર તરફ કોઈ પણ યાત્રા જૂથને જવાની મંજૂરી નથી અપાઈ. અધિકારીએ કહ્યું, વરસાદની સાથે વાતાવરણની સ્થિતિને જોતા આ સાવચેતીનું પગલું છે. દરમિયાન ગત 14 દિવસમાં

ગત સાંજ સુધીમાં અંદાજે અઢી લાખ તીર્થ યાત્રાળુએ પવિત્ર ગુફાના દર્શન કર્યા.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## KERALA-RAIN

ભારતીય હવામાન વિભાગે આગામી દિવસોમાં કેરળમાં ભારે વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગે કાસરગોડ, કન્નુર, વાયનાડ અને કોઝીકોડ જીલ્લામાં ઓરેન્જ અલર્ટ જ્યારે મલપ્પુરમ, પલક્કડ, ત્રિશૂર, અર્નાકુલમ, ઇડુક્કી અને અલપ્પુઝા જીલ્લામાં આજે યલ્લો અલર્ટ જાહેર કર્યું છે.

આ આગાહીને કારણે મદ્દેનજર, મલ્લપુરમ, પલ્લકડ, ત્રિશૂર, અર્નાકુલમ, ઇડુક્કી અને અલપ્પુઝા જીલ્લામાં આજે કોલેજ, કેન્દ્રિય વિધ્યાલય સહિત તમામ શૈક્ષણિક સંસ્થામાં રજા જાહેર કરવામાં આવી છે. તો માછીમારોને શનિવાર સુધી કેરળ અને લક્ષદ્વીપના દરિયામાં ન જવા સૂચના આપવામાં આવી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# ED SEARCHES

પ્રવર્તન નિદેશાલય- E.D.એ ધર્મ પરિવર્તન મામલે અનેક જગ્યાએ પર દરોડા પાડ્યા છે. ઉત્તરપ્રદેશના ઉતરોલા અને બલરામપુરમાં 12 તથા મહારાષ્ટ્રના મુંબઈમાં બે સ્થળ સહિત કુલ 14 પરિસરમાં તપાસ અભિયાન હાથ ધરાયું હતું.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# EARLY MAHA-NASHIK ACCIDENT

મહારાષ્ટ્રમાં નાસિક જિલ્લામાં કાર અને બાઇકની ટક્કરમાં ત્રણ મહિલાઓ અને એક બાળક સહિત સાત લોકોના મોત થયા હતા જ્યારે અન્ય બે લોકો ગંભીર રીતે ઇજાગ્રસ્ત થયા હતા.

નાસિક જિલ્લામાં નાસિક-ડિંડોરી રોડ પર એક નર્સરી નજીક મોડી રાત્રે આ અકસ્માત થયો હતો. સાત લોકોને લઈ જતી એક કાર ટુ વ્હીલર સાથે અથડાઈ હતી અને બંને વાહન રસ્તાની બાજુમાં એક નાની નહેરમાં ખાબક્યા હતા, અકસ્માતની જાણ થતાં જ ઘટનાસ્થળે પહોંચેલા પોલીસ અધિકારીઓએ બચાવ કામગીરી આરંભી હતી. પોલીસે જણાવ્યું કે ઘાયલોને તાત્કાલિક સારવાર માટે નાસિક જિલ્લા હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા હતા.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## LADAKH TRAILS

ભારતીય સેનાએ ગઈકાલે લદ્દાખમાં દેશમાં જ બનેલી આકાશ પ્રાઈમ વાયુ સંરક્ષણ પ્રણાલિનું સફળ પરિક્ષણ કર્યું. આ પરિક્ષણ પૂર્વ લદ્દાખમાં 15 હજાર ફિટથી વધુ ઊંચાઈએ કરાયું. સેના, વાયુ સંરક્ષણ અને સંરક્ષણ સંશોધન તથા વિકાસ સંગઠનના વરિષ્ઠ અધિકારીઓ બે દિવસના આ પરિક્ષણમાં જોડાયા હતા.

આકાશ પ્રાઈમ પ્રણાલિ ભારતીય સેનામાં આકાશ વાયુ સંરક્ષણ પ્રણાલિઓની ત્રીજી અને ચોથી રૅજિમૅન્ટની રચના કરશે. આ તુલનાત્મક રીતે વધુ ચોકસાઈ માટે સ્વદેશી સક્રિય રેડિઓ ફ્રિક્વન્સીથી સજ્જ છે. આ મિસાઈલ 4 હજાર 500 મીટર સુધીની ઊંચાઈએ તૈનાત કરી શકાય છે અને અંદાજે 25થી 30 કિલોમીટરના અંતરે સ્થિત લક્ષ્ય સુધી ત્રાટકવા સક્ષમ છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# INS- NILGIRIS

આત્મ નિર્ભર ભારતના પ્રતિક સમા INS નીલગિરી, નીલગિરી વર્ગના સ્ટીલ્થ માર્ગદર્શિત મિસાઈલ યુદ્ધ જહાજોના નેતૃત્વ સાથે આજે પ્રથમ વખત ચેન્નાઈ બંદર માટે રવાના થયું હતું.

પ્રોજેક્ટ 17એ હેઠળ સ્વદેશી રીતે નિર્મિત INS નીલગિરી જહાજ નિર્માણ અને દરિયાઈ ક્ષેત્રમાં ભારતની વધતી ક્ષમતાનું પ્રમાણ છે. આ જહાજ અત્યાધુનિક શસ્ત્રો અને સેન્સરથી સજ્જ છે, જે ભારતીય નૌકાદળની શક્તિમાં નોંધપાત્ર વધારો કરે છે. આ જહાજને આ વર્ષે 15 જાન્યુઆરીએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા ભારતીય નૌકાદળમાં સામેલ કરાયું હતું.

આ જહાજનું નામ ભવ્ય નીલગિરી ટેકરીઓ પરથી અપાયુ છે. નીલગિરી જિલ્લામાં ડિફેન્સ સર્વિસીસ સ્ટાફ કોલેજ પણ છે, જે ઓગસ્ટ 1947માં સ્થપાયેલી ભારતની સૌથી જૂની લશ્કરી સંસ્થાઓમાંની એક છે. તે

આર્મી જનરલ અને ભૂતપૂર્વ આર્મી ચીફ જનરલ સેમ માણેકશાનું નિવાસસ્થાન પણ હતું.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## IRAQ- FIRE

ઇરાકના અલ-કુટ શહેરમાં આજે એક હાઇપર માર્કેટમાં લાગેલી ભીષણ આગમાં આશરે **50** લોકોના મોત થયા છે, જ્યારે અન્ય કેટલાક લોકો ઇજાગ્રસ્ત થયા છે.

પ્રાંતના ગવર્નરે જણાવ્યુ કે, આ આગ હાઇપરમાર્કેટ અને એક રેસ્ટોરાંમાં લાગી હતી. જો કે, અગ્નિ શમન દાળના કાર્યકરોએ કેટલાક લોકોને બચાવી લીધા હતા.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## BADMINTON JAPAN OPEN

જાપાન ઑપન બૅડમિન્ટનમાં આજે સવારે ટોક્યોમાં પુરુષ ડબલ્સની પ્રિ-ક્વાર્ટર ફાઈનલમાં ચિરાગ શેટ્ટી અને સાત્વિક સાઈરાજ રન્કીરેડ્ડીની ભારતીય જોડીનો વાંગ ચાંગ અને લિયાંગ વેઈકેન્ગની ચીનની જોડી સામે 22-24, 14-21થી પરાજય થયો.

પુરુષ સિંગલ્સની પ્રિ-ક્વાર્ટર ફાઈનલમાં લક્ષ્ય સેન જાપાનના કોડાઈ નારાઓકા સામે 19–21, 11–21થી હારી ગયા છે.

જ્યારે મહિલા સિંગલ્સમાં, ભારતનાં અનુપમા ઉપાધ્યાયનો મુકાબલો ચીનનાં ખેલાડી વાન્ગ ઝીયી સાથે થશે. તો ભારતનાં ઑલિમ્પિક ચંદ્રક વિજેતા પી. વી. સિંધુ ગઈકાલે દક્ષિણ કૉરિયાનાં સિમ યૂ-ઝિન સામે 21–15, 21—14થી હારી ગયાં.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## SYRIA- DRUZE CEASEFIRE

દિવસો સુધી ચાલી રહેલી અથડામણોને અંત લાવવા દક્ષિણ પ્રાંત સ્વેઇડામાં સીરિયન વચગાળાના અધિકારીઓ અને ડ્રુઝ સમુદાય વચ્ચે એક નવો યુદ્ધવિરામ કરાર થયો છે, એક નિવેદનમાં, સીરિયન આંતરિક અધિકારીઓએ જણાવ્યું કે, આ કરારમાં લશ્કરી કાર્યવાહી પર સંપૂર્ણ પ્રતિબંધ, આંતરિક સુરક્ષા ચોકીઓની તૈનાતી અને તમામ રાજ્ય સંસ્થાઓને સંપૂર્ણ કાર્યરત કરવા જેવા મુદ્દા સામેલ છે.

દરમિયાન, આધ્યાત્મિક ડ્રુઝ નેતાએ આ કરારની પુષ્ટિ કરી છે. ચાર દિવસની હિંસક અથડામણો બાદ આ યુધ્ધ વિરામ અસ્તિત્વમાં આવ્યો છે. હાલની અથડામણમાં 248 લોકો માર્યા ગયા હતા. વર્તમાન અશાંતિ સશસ્ત્ર બેદુઇન્સ દ્વારા સ્થાપિત કામચલાઉ ચેકપોઇન્ટ પર એક યુવાન ડ્રુઝ વ્યક્તિને માર મારવા અને લૂંટ ચલાવવાથી શરૂ થઈ હતી. આ ઘટના

બાદ સ્થાનિક ડ્રુઝ લશ્કર, બેદુઇન્સ જાતિઓ અને સીરિયન વચગાળાના દળો વચ્ચે અથડામણ શરૂ થઈ.

આ સ્થાનિક અથડામણોદરમિયાન, ઇઝરાયલે ડ્રુઝ સમુદાયનું રક્ષણ કરવાના દાવા સાથે સ્વેઇડા અને દમાસ્કસમાં લશ્કરી સ્થાનો પર શ્રેણીબદ્ધ હવાઈ હુમલા કર્યા છે, સીરિયાએ રાજધાની દમાસ્કસમાં સરકારી ઇમારતો પર થયેલા હવાઈ હુમલાઓની ટિકા કરી છે, સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસે પણ ઇઝરાયલી હુમલાઓની ટિકા કરતુ એક નિવેદન જાહેર કર્યું છે..

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

**RUSSEL RETIREMENT**

વેસ્ટ ઇન્ડીઝના ઑલરાઉન્ડર ક્રિકેટ આન્દ્રે રસેલે આંતર-રાષ્ટ્રીય ક્રિકેટમાંથી સંન્યાસ લેવાની જાહેરાત કરી છે. રસેલ હાલમાં ઑસ્ટ્રેલિયા સાથે 20 અને 22 જુલાઈએ રમાનારી T-20 ક્રિકેટ મૅચમાં રમશે.

રસેલને ઑસ્ટ્રેલિયા સાથે પાંચ **T-20** ક્રિકેટ મૅચની શ્રેણી પહેલા બે મૅચ માટે વેસ્ટ ઇન્ડીઝ ટીમમાં સામેલ કરાયા છે. આન્દ્રે રસેલ અંદાજે 10 વર્ષથી વેસ્ટ ઇન્ડીઝ માટે ક્રિકેટ રમી રહ્યા છે અને તેઓ આક્રમક બેટિંગ માટે જાણીતા છે.